રાજકોટ મહાનગરપાલિકા, ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮



ઈ-ન્યૂઝલેટર

નવેમ્બર-૨૦૧૯

# સ્માર્ટ રાજકોટ

## રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા)ના

**અટલ સરોવર ડેવલપમેન્ટ**
**સિવિલ હોસ્પિ. ઓવરબ્રીજ**
**આમ્રપાલી પાસે અન્ડરબ્રિજ**
**પ્રધાનમંત્રી આવાસ યોજના**

## ખાતમુહૂર્ત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૯–૧૧–૨૦૧૯ના રોજ સ્માર્ટ સિટી અંતર્ગત અટલ સરોવર ડેવલપમેન્ટ, સિવિલ હોસ્પિટલ ચોક ખાતે થ્રી આર્મ ઓવરબ્રીજ તથા આમપાલી રેલ્વે ક્રોસિંગ ખાતે અન્ડરબ્રીજનુ ખાતમુહૂર્ત ઉપરાંત રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા) દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ પામનાર EWS-1 અને EWS-2ના કુલ ૪૯૬ આવાસોનું ખાતમુહૂર્ત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કાર્યકારી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, શહેર ભાજપ પ્રદેશ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રી અંજલીબેન રૂપાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, જીલ્લા કલેકટરશ્રી રૈમ્યા મોહન, ડીવીઝનલ મેનેજર પશ્ચિમ રેલ્વે પરમેશ્વર ફંકવાલ, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી ભીખાભાઈ વસોયા, અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મેયર ડૉ.. જૈમનભાઈ ઉપાધ્યાય, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, દંડક શ્રી અજયભાઈ પરમાર, મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી જીતુભાઈ કોઠારી, શ્રી કિશોરભાઈ રાઠોડ, બાંધકામ કમિટી ચેરમેન શ્રી મનિષભાઈ રાડીયા, કોર્પોરેટરશ્રીઓ, ભાજપ અગ્રણીશ્રીઓ, અધિકારીઓ તથા બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સૌપ્રથમ સૌને નવા વર્ષની શુભકામના પાઠવતા વધુમાં કહ્યું હતું કે, આજરોજ આશરે રૂા.300 કરોડના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા. એક એવો સમય હતો કે રાજકોટ મહાનગર– –પાલિકાનું આખું બજેટ રૂા.300 કરોડનું હતું ભૂતકાળમાં રાજકોટ શહેરના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા એક પણ ફદીયુ આપવામાં આવતું નહિ. રાજકોટની પાણીની કટોકટી વખતે ભાદરની લાઈન નાખવા માટે પણ તત્કાલીન કોંગ્રેસ સરકારે એકપણ પૈસો આપેલ નહિ. ત્યારે કોર્પોરેશનએ હુડકોની લોન લઈ આ કામગીરી કરેલ હતી. રોજીરોટી માટે ગામડાઓમાંથી લોકો શહેર તરફ આવી રહ્યા છે. ત્યારે રાજ્ય સરકાર આગળનો સમય ધ્યાનમાં રાખી કામ કરી રહી છે. સૌની યોજના હેઠળ આજીને નર્મદા સાથે જોડી પાણીની સમસ્યાને હલ કરેલ છે. રાજ્ય સરકાર નલ સે જલનો સંકલ્પ કરી ૨૦૨૨ સુધીમાં રાજ્યના તમામ ઘરોમાં શુધ્ધ પાણી મળે તે દિશામા આગળ વધી રહેલ છે. નળ દ્વારા ફિલ્ટર કરેલું શુધ્ધ પાણી મળવાથી લોકોને પાણીજન્ય રોગો નહિ થાય.

વિશેષમાં માન. મુખ્યમંત્રીશ્રીએ જણાવેલ કે, આપણે નાના હતા ત્યારે અને આજે મોટા થયા ત્યાં સુધી શહેરમાં એક જ રેસકોર્ષ હતું પરંતુ હવે શહેરને બીજું રેસકોર્ષ મળશે. આ ઉપરાંત ૧૦૦ વર્ષ પહેલા રાંદરડા લાલપરી તળાવ બનેલા અને હવે અટલ સરોવરના નવા તળાવનું નિર્માણ થયું. આમ્રપાલી ફાટક દિવસમાં ૧૮ વખત ટ્રેન નીકળે છે. ફાટક બંધ થાય ત્યારે ઘણી વખત ટ્રાફિકમાં ૧૦૮ કે એમ્બ્યુલન્સ ફસાતી હોય છે. ત્યારે આ સમસ્યાના નિવારણ માટે આમ્રપાલી ફાટક અન્ડરબ્રીજ તેમજ ટ્રાફિક નિવારણ માટે હોસ્પિટલ ચોકમાં થ્રી આર્મ બ્રીજ બનાવવાનુ ખાતમુહૂર્ત કરેલ છે. હજુ આગામી સમયમાં નવા પાંચ ઓવરબ્રીજ બનાવવા માટે આગળ વધી રહ્યા છીએ. પૈસાના વાંકે કોઈ કામ રાજ્ય સરકાર અટકવા દેશે નહિ. રાજ્યની તમામ મહાનગરોમાં લોકોને પગથીયા ઘસવા ન પડે કે કચેરીના ધક્કા ન ખાવા પડે તે માટે ઓનલાઈન સિસ્ટમથી કામ થાય તે દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી છે. કેન્દ્રની કોંગ્રેસ સરકારે ગુજરાતને એઈમ્સ મળે તેવું ક્યારેય પણ વિચારેલ નહિ. પરંતુ હાલના










દેશના વડાપ્રધાન માન.શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને એઈમ્સ આપવાનો નિર્ણય કરી અને આ એઈમ્સ રાજકોટને મળેલ છે તે માટે માન. પ્રધાનમંત્રીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ અવસરે કાર્યકારી મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયાએ જણાવેલ કે, રંગીલું રાજકોટ એક અનોખું શહેર છે. આજે દેશ વિદેશમાં પોતાનું ગૌરવ વધારી રહ્યું છે ત્યારે દેશના માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સતત સાથ સહકાર અને માર્ગદર્શન હેઠળ આ શાનદાર વિકાસ યાત્રાને આગળ ધપાવવા રાજકોટ મહાનગરપાલિકા એક પછી એક પ્રોજેક્ટને ખૂબ ઝડપથી આગળ ધપાવી રહી છે. આપ સૌ જાણો છો એ મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની મદદ સાથે આજરોજ કુલ રૂ.૨૯૯.૪૪ કરોડના વિવિધ પ્રોજેક્ટ જેવા કે, સિવિલ હોસ્પિટલ ચોકના ઓવરબ્રિજ અને આમ્રપાલી રેલ્વે ક્રોસિંગ ખાતેના અન્ડરબ્રિજ ઉપરાંત રૈયા સ્માર્ટ સિટી એરિયામાં અટલ સરોવર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સાથોસાથ 'રૂડા' ની વધુ એક આવાસ યોજનાનું ખાતમુહૂર્ત થયેલ છે.

શહેરીજનોમાં નવા ઉત્સાહનો સંચાર કરે તે માટે નવા હરવા ફરવાના સ્થળો વિકસાવવાના આયોજનના એક ભાગરૂપે રેસકોર્ષ–૨ અને અટલ સરોવર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયા છે. આ પ્રોજેક્ટ રાજકોટ શહેરને એક આગવી ઓળખ આપશે અને શહેરીજનોને ફરવા માટેનું એક નવું નજરાણું મળશે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતના માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની અથાગ જહેમત થી સાકાર થયેલી 'સૌની યોજના' થકી આજી, ન્યારી અને ભાદર ડેમને જોડવામાં આવેલ છે.

રૈયા વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૩૨ માં અંદાજે ૯૩૦ એકર જેટલા વિશાળ ક્ષેત્રફળમાં આકાર પામનાર સ્માર્ટ સિટીમાં અટલ લેઈક, મેનેજમેન્ટ કન્વેન્શન સેન્ટર, સ્પોર્ટ્સ એરિયા, ન્યુ રેસકોર્ષ, સેન્ટ્રલાઈઝ્ડ ડેટા મોનિટરિંગ અને કન્ટ્રોલથી સંચાલિત આધુનિક સ્ટ્રીટ લાઈટ સહિતની સુવિધાઓ હશે.

અંતમાં મને એમ કહેતા ગૌરવ થાય છે કે, રાજકોટના લોકોના જીવન ધોરણમાં ગુણાત્મક પરિવર્તન આવી રહ્યું છે અને તેઓનો હેપિનેસ ઈન્ડેક્સ વધુ ને વધુ ઉંચે ચડી રહ્યો છે.

આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડએ શાબ્દિક સ્વાગતમાં જણાવેલ કે, માન. મુખ્યમંત્રીએ શહેરની પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવી દીધેલ છે તે જ રીતે શહેરની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે આજે બ્રિજના ખાતમુહૂર્ત કર્યા છે. કોર્પોરેશન દ્વારા ટ્રાફિકના નિવારણ માટે જુદા જુદા બ્રીજ બનાવવાની જરૂર છે ત્યારે માન. મુખ્યમંત્રીશ્રીએ એવી ખાતરી આપેલી કે, બ્રીજ બનાવવા માટે પૈસાની ચિંતા કરશો નહિ, રાજ્ય સરકારશ્રી દ્વારા આ માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે. વિશેષમાં રાજકોટમાં ૧૦૦ વર્ષમાં કોઈ નવું તળાવ બનેલ નહિ. બાદ માન. મુખ્યમંત્રીશ્રીએ એક નવા તળાવનુ નિર્માણ કરેલ છે. આ ઉપરાંત રાજકોટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, બસપોર્ટ, એઈમ્સ, જી.આઈ.ડી.સી. વિગેરે જેવા પ્રોજેક્ટો આપેલ છે. રાજકોટના સપૂત માન. મુખ્યમંત્રી હોવાથી રાજકોટ શહેર માટે વિકાસની દિશામાં શહેરનો સુવર્ણ યુગ ચાલે છે.

કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે મંચ પર બિરાજમાન મહાનુભાવો તથા બહોળી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોનુ શાબ્દિક સ્વાગત કરેલ. ત્યારબાદ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનુ રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ તથા રાજકોટ શહેર ભાજપની સંગઠન ટીમ દ્વારા, તેમજ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, જીલ્લા કલેક્ટરશ્રી રૈમ્યા મોહન તથા ડીવીઝનલ રેલ્વે મેનેજર (પશ્ચિમ રેલ્વે) શ્રી પરમેશ્વર ફંકવાલ દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ.

માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા પ્રોજેક્ટના સ્થળે ખાતમુહૂર્ત કરી પ્રોજેક્ટની વિસ્તૃત જાણકારી મેળવી હતી. તે સમયે પદાધિકારીશ્રી અને સ્થાનિક વોર્ડના કોર્પોરેટરશ્રીઓ દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીનું બુકે વડે સ્વાગત કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં બાંધકામ સમિતિ ચેરમેન શ્રી મનીષભાઈ રાડીયાએ મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક વડે સ્વાગત તેમજ કાર્યક્રમના અંતે આભારવિધિ કરેલ.

## સ્માર્ટ સિટી વિસ્તારમાં અટલ સરોવર ડેવલપમેન્ટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લીમીટિડ હેઠળ ટી.પી. સ્કીમ નં.૩૨, રૈયા વિસ્તારમાં RSCDL દ્વારા નવા ત્રણ તળાવ વિકસાવવા અંગે આયોજન કરવામાં આવેલ છે. રાજકોટ શહેરમાં અંદાજીત ૧૦૦ વર્ષથી વધુ સમયગાળા બાદ ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની આગવી દ્રષ્ટિથી રાજકોટ શહેરને અટલ સરોવર સ્વરૂપે એક નવું તળાવ મળેલ જેનું સુજલામ સુફલામ યોજના અંતર્ગત ફેઈઝ–૧માં અટલ સરોવરને ઊંડા ઉતારવાનું કામ કરવામાં આવેલ. અટલ સરોવર સ્માટ સિટી એરીયા બેઈઝ્ડ ડેવલપમેન્ટ રૈયા વિસ્તારના ઉત્તર પશ્ચિમમાં આવેલું છે. આ સરોવરમાં અંદાજે ૪૦૦ મિલીયન લીટર વરસાદી પાણીનો સંગ્રહ થયેલ છે, રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લી. અટલ સરોવરને એક આગવી ઓળખ તરફ વિકસાવવા માંગે છે જેની વિગતો નિચે મુજબ છે.

1. **અટલ સરોવરનું કૂલ ક્ષેત્રફળ : ૨૯૩૪૫૭ ચો.મી. છે, જેમાં વોટર બોડીનું કુલ વિસ્તાર ૯૨૮૩૭ચો.મી. છે.**
2. **પ્રોજેક્ટ કોસ્ટ : ૧૩૬ કરોડ**
3. **પ્રોજેક્ટ સમય મર્યાદા : ૨૪ મહિના**
4. **નિભાવ મરામત : ૧૫ વર્ષ, સદરહું અટલ સરોવરની નિભાવ મરામતની જવાબદારી એજન્સીની રહેશે. સમગ્ર પ્રોજેક્ટ ખર્ચ સ્માર્ટ સિટી ફંડમાંથી કરવામાં આવશે. એજન્સી તરફથી ટેન્ડર કન્ડીશન મુજબ રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લી. ને ૧૫ વર્ષ સુધી નિયત કરેલ પ્રીમીયમ ચુકવવામાં આવશે.**
5. **અટલ સરોવરમાં નીચે મુજબની સુવિધાઓ કરવામાં આવનાર છે : ગાર્ડન, વોકવે, આઈલેન્ડ, લેન્ડ સ્કેપિંગ, પાર્ટી પ્લોટ, પાર્ટી લોન, બોટોનિકલ ગાર્ડન, ટોય ટ્રેઈન, ફૂડ કોર્ટ, સાઈકલ ટ્રેક, બે એમ્ફીથીએટર, મોન્યુમેન્ટલ ફલેગ અને પાર્કિંગ એરીયા.**
6. **રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત સ્કૂલ તેમજ આંગણવાડીનાં બાળકો માટે એન્ટ્રી ટીકીટ ફ્રી રહેશે તેમજ અટલ લેઈક વિસ્તારમાં અન્ય સુવિધાઓમાં પણ કન્સેશન રહેશે.**
7. **અટલ લેઈક વિસ્તારમાં ગ્રામહાટ તેમજ અન્ય ઉપયોગ માટે કુલ-૪૨ દુકાનોનું નિર્માણ કરવામાં આવનાર છે.**

આમ અટલ સરોવર થકી રાજકોટ શહેર તથા આસપાસના વિસ્તારના લોકોને હરવા ફરવા તેમજ મનોરંજન માટે એક નવું સ્થળ મળી રહેશે.

ઇ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ

# પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રુડા વિસ્તારનાં મુંજકામાં આવાસ યોજના



રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ, રાજકોટ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ એફોર્ડેબલ હાઉસિંગ હેઠળ રાજકોટ–કાલાવડ રોડ પર મુંજકા, ટી.પી.૧૭, ફા.પ્લોટ ૮૯ ખાતે ઇ.ડબલ્યુ.એસ.–૧ના ૮૦ યુનીટ અને ટી.પી.નં.૧૭, ફા.પ્લોટ ૯૫ ખાતે ઇ.ડબલ્યુ.એસ.–૨ના ૪૧૬ યુનીટ મળી કુલ ૪૯૬ યુનિટ માટે રૂા.૫૩૨૦.૫૩ લાખની અંદાજીત કિંમતવાળા કામનું હાથ ધરેલ છે.

૧. ઇ.ડબલ્યુ.એસ.–૧ના યુનિટ જી+૭ માળના આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર સાથે લાઇટ બ્લોક મશિનરી, પ્લાસ્ટર, સંડાસ–બાથરૂમ, રસોડું, અંદર અને બહાર કલર, વોટર સપ્લાય, ડ્રેનેજ, બગીચા, પાર્કિંગ, ઇલેકટ્રીફીકેશન, કોંક્રીટ રોડ, બાહ્ય ઇલેકટ્રીફીકેશન, કમ્પાઉન્ડ વોલ, લીફ્ટ જેવી તમામ સુવિધા સાથે દરેક લાભાર્થી માટે ૩૦.૦૦ ચો.મી.નું પાકું બાંધકામ આપવાનું આયોજન છે. આ આવાસ માટે યુનિટ દીઠ ખર્ચ રૂા.૯.૨૬ લાખ અંદાજેલ છે.

૨. ઇ.ડબલ્યુ.એસ.–૨ના યુનિટ જી+૭ માળના આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર સાથે લાઇટ બ્લોક મશિનરી, પ્લાસ્ટર, સંડાસ+બાથરૂમ, રસોડું, અંદર અને બહાર કલર, વોટર સપ્લાય, ડ્રેનેજ, બગીચા, ઇલેકટ્રીફીકેશન, પાર્કિંગ, કોંક્રિટ રોડ, બાહ્ય ઇલેકટ્રીફીકેશન, કમ્પાઉન્ડ વોલ, લીફ્ટ જેવી તમામ સુવિધા સાથે દરેક લાભાર્થી માટે ૪૦.૦૦ ચો.મી.નું પાકું બાંધકામ આપવાનું આયોજન છે. આ આવાસ માટે યુનિટ દિઠ ખર્ચ રૂા.૧૧.૦૧ લા અંદાજેલ છે.



# રૈયા રોડ આમ્રપાલી ફાટક પાસે રેલ્વે અન્ડરબ્રિજ પ્રોજેકટ

- રૈયા રોડ એ રાજકોટ શહેરનો મુખ્ય રોડ હોય જેનાં પર દરરોજ આશરે ૫ થી ૬ લાખ નાગરિકોની અવર–જવર રહે છે. હાલની સ્થિતિએ ઉક્ત રેલ્વે લેવલ ક્રોસિંગ નં.૬ ઉપર રોજ અંદાજે ૧૮ થી ૨૦ ટ્રેન પસાર થતી હોય છે. જેમાં ક્રોસિંગ બંધ કરવાથી પૂષ્કળ માનવ કલાકો, ઇંધણ વિગેરેનાં વ્યય ઉપરાંત હવા તથા ધ્વનિનું પ્રદુષણ ખૂબ જ થતું હોય છે. તેથી સદરહું રેલ્વે લેવલ ક્રોસિંગ નં.૬ની જગ્યાએ રેલ્વે અન્ડરબ્રિજ બનાવવાનું નક્કિ કરવામાં આવેલ છે.
- આ કામ રેલ્વે વિભાગ દ્વારા કરવામાં આવશે. જેનાં માટે રાજકોટ મહાનગરપાલિકા પાસેથી રૂા.૨૫,૫૩,૧૮,૯૯૨ નું રેલ્વે વિભાગને ડિપોઝીટરી રકમ તરીકે ભરવા જણાવેલ જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ રકમ રેલ્વે વિભાગને ભરપાઇ કરવામાં આવેલ છે.
- રૈયા રોડ આમ્રપાલી ફાટક પાસે રેલ્વે અન્ડરબ્રિજની મુખ્ય ઘટકોની વિગતો નીચે મુજબ છે :

  ૧. રૈયા રોડ તરફ અન્ડરબ્રિજની લંબાઇ ૧૭૯.૯૬ મી.
  ૨. કિશાનપરા ચોક તરફ અન્ડરબ્રિજની લંબાઇ ૧૫૦.૭૫ મી.
  ૩. રેલ્વે પોર્શન બ્રિજની કરેઝ વિડ્થ ૬.૭૫ મી.
  ૪. બન્ને બાજુ બ્રીજની કરેઝ વિડ્થ ૬.૭૫ મી.
  ૫. બન્ને બાજુ સર્વિસ રોડની પહોંળાઇ ૪.૫ મી.
  ૬. સૂચિત બ્રીજની લંબાઇ ૩૭૭.૨૧ મી.
- આ કામ હાલમાં રેલ્વે વિભાગ દ્વારા અમદાવાદની એજન્સી મેસર્સ મીરલ મવાણીને સુપ્રત કરાયેલ છે.
- આ પ્રોજેકટ કાર્યાન્વીત થવાથી આશરે ૬.૦૦ લાખ લોકોને લાભ થશે તેમજ LC-6 પર ટ્રેનોનાં વારંવાર અવર જવરના કારણે વાહનો ને ઉભું રહેવાથી મુક્તિ મળે અને તેના લીધે થતાં પ્રદૂષણમાં મુક્તિ મળશે.



# હોસ્પિટલ ચોક ટ્રાયએન્ગ્યુલર ફલાયઓવર બ્રિજ

- રાજકોટ શહેર હાલના સૌથી ગીચ ટ્રાફિક સર્કલ તરીકે ગણાતા હોસ્પિટલ ચોકમાં ટ્રાફિક સમસ્યાને હળવી કરવા માટે રાજકોટ મહાનગરપાલિકા તરફથી ફલાય ઓવર બ્રિજ માટેની કામગીરી હાથ ધરેલ છે.
- સિવિલ હોસ્પિટલ ચોક પર કુવાડવા રોડ, જવાહર રોડ તથા જામનગર રોડ તરફ રસ્તા માટે ટ્રાયએન્ગ્યુલર ફલાય ઓવરબ્રિજ બનાવવાનું નક્કિ થયેલ છે.
- જે પ્રોજેકટની કન્સલ્ટન્ટન્સી સર્વિસીસ મેળવવા અર્થે અમદાવદની કન્સ્લ્ટન્ટીંગ એન્જીનિયર્સ (ઇન્ડિયા) પ્રા. લી. ની નિમણુંક કરવામાં આવેલ છે.
- ટ્રાયએન્ગ્યુલર ફલાય ઓવરબ્રિજની મુખ્ય ઘટકોની વિગત નીચે મુજબ છે :

  ૧. ફોરલેન ફલાય ઓવર બ્રિજ,
  ૨. બન્ને તરફ ૭.૦૦ મી. પહોળાઇની કેરેઝવે,
  ૩. બ્રીજ ડીવાઇડર ૦.૩૦ મી. પહોળાઇ,
  ૪. બન્ને તરફ ક્રેશ બેરીયર ૦.૪૫ મી.
  ૫. સર્વિસ રોડની પહોળાઇ ૬.૦૦ મી. બન્ને તરફ
  ૬. બન્ને તરફ ફૂટપાથની પહોળાઇ ૦.૯૦ મી.
  ૭. જવાહર રોડ તરફ બ્રીજની લંબાઇ ૨૯૯ મી.
  ૮. કુવાડવા રોડ તરફ બ્રીજની લંબાઇ ૪૦૦ મી.
  ૯. જામનગર રોડ તરફ બ્રીજની લંબાઇ ૩૬૭ મી.
  ૧૦. જામનગર રોડ તરફ ૮ સિંગર પીઅર તથા બે જગ્યાએ ફોર પીઅર કુલ ૧૬ નંગ
  ૧૧. અમદાવાદ રોડ તરફ ૧૦ સિંગર પીઅર તથા બે જગ્યાએ ફોર પીઅર કુલ ૧૮ નંગ
  ૧૨. જયુબેલી ગાર્ડન તરફ ૬ સિંગર પીઅર તથા બે જગ્યાએ ફોર પીઅર કુલ ૧૪ નંગ
  ૧૩. હોસ્પિટલ ચોક પર હેકસાગોનલ ગ્રીડમાં કુલ ૨૨ નંગ અને સેન્ટરમાં ૧ પીલર
- ઉક્ત કામ અનંતા પ્રોકોન પ્રા. લી.–મહેસાણાને રૂા.૮૪.૭૧ કરોડમાં સુપ્રત કરાયેલ છે.
- સદરહું બ્રીજ કાર્યાન્વીત થવાથી આશરે ૧૦ લાખ લોકોને લાભ થશે તેમજ રાજકોટ શહેરને વાહન વ્યવહારથી થતાં પ્રદૂષણમાં મુક્તિ મળશે.

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ



## વિવિધ કામો અંગે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા વિવિધ વિસ્તારોની રૂબરૂ મુલાકાત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરને સુંદર બનાવી આગવી ઓળખ ઉભી કરવા, તેમજ તેમાં વધુ સુવિધા ઉપલબ્ધ બનાવવા અંગે તા.૨૦–૧૧–૨૦૧૯ ના રોજ રૂબરૂ સાઈટ વિઝીટ કરવામાં આવી ઉપરાંત લગત અધિકારી પાસેથી જરૂરી માહિતી મેળવી સંબધિત સુચના આપી હોવાનું મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું. કમિશનરશ્રીએ વધુમાં એમ કહ્યું હતું કે, શહેરને સુંદર અને આધુનિક બનાવવા માટે તમામ સુવિધા હોવી જરૂરી છે, અને તે માટે રાજકોટ મહાનગરપાલિકા હંમેશા કાર્યરત રહે છે. આવા આશયથી તા.૨૦–૧૧–૨૦૧૯ના રોજ શાળા નં.૧૬ સંત તુલસીદાસ શાળાના જુના બિલ્ડીંગની વિઝીટ કરેલ હતી તેમજ લગત અધિકારી સાથે નવા બિલ્ડીંગ બનાવવા માટેની જરૂરી ચર્ચા પણ કરેલ છે. ત્યારબાદ કેનાલ રોડ પર આવેલ લાઈબ્રેરીની પણ રૂબરૂ મુલાકાત કરી અને માહિતી મેળવી હતી.

ત્યારબાદ વોર્ડ નં.૧૮માં કોઠારીયા ખાતે હરી ઓમ ઈન્ડસ્ટ્રીઝના વિવિધ એરિયા વિસ્તારમાં નોન મેટલીંગ રસ્તાઓ પર સ્ટ્રીટ લાઈટ સુવિધા આપવા માટેની ફાઈલ પેન્ડીગ હતી તેની રૂબરૂ મુલાકાત લઈને લગત વોર્ડના અધિકારી પાસેથી માહિતી મેળવી હતી. સ્ટ્રીટ લાઈટને લગતી તમામ ટેકનીકલ માહિતી મેળવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી ડેમ વિસ્તારમાં નિર્માણ થયેલ અર્બન ફોરેસ્ટના વિસ્તારમાં જગ્યાની રૂબરૂ મુલાકાત કરી આ વિસ્તારના ભાગેથી પશુઓ દ્વારા થતી નુકશાની સંબધિત ચર્ચા કરવામાં આવી હતી તેમજ આ વિસ્તારમાં અર્બન–ફોરેસ્ટ ના વિકાસની જરૂરી કામગીરીઓ તાકીદે હાથ ધરવા માટે તેમજ જુના જુના વનીકરણના પથરાળ ભાગે જરૂરી લેડસ્કેપિંગની કામગીરી આ પ્રકલ્પમાં સાથે જોડી તેના પર જરૂરી ડીઝાઈન બનાવી તેમજ વન વિભાગ સાથે જરૂરી પરામર્શ કરી વહેલી તકે આ વિસ્તારમાં રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ નાણાકીય સહાયથી આ કામગીરી હાથ ધરવા અંગે સુચના આપી હતી.

આ ઉપરાંત કમિશનરશ્રી દ્વારા વોર્ડ નં.૧૫માં ગંજીવાડા વિસ્તારમાં કોમ્યુનીટી હોલ બનાવવા અંગે ચર્ચા કરવામાં આવેલ, નવા થોરાળા પોલીસ સ્ટેશનથી આજી નદી સુધી આર.સી.સી. ઓપન બોક્સ ગટર બનાવવા, વોર્ડ નં.૪ની જુદીજુદી ટીપી સ્કીમના રોડ પર પેવર કામ કરાવવા, વોર્ડ નં.૧૮માં આવેલ બોલબાલા મુખ્ય માર્ગ પર રોડની બંને સાઈડના પડખામાં કરવાનું કામ, ટીપીએસ–૧૨ ના અંતિમ ખંડ નં. ૬૦ માં તસ્પી હોર્ડીંગ બોર્ડ તથા ગેટ પીલર ખસેડવાના કામ બાબત, વોર્ડ નં. ૧૮ કોઠારીયાના વિવિધ વિસ્તારમાં મેટલીંગ કામ તેમજ વિવિધ સોસાયટીમાં ડામર કાર્પેટ કરવાના કામ બાબત, વોર્ડ નં. ૪ માં ભગવતીપરા વિસ્તારમાં બ્લોક નાખવાના કામ બાબત, વોર્ડ નં. ૧૫ માં ખોડિયારપરાની વિવિધ શેરીઓમાં પાણીની પાઈપલાઈન બદલવાના કામ બાબત તેમજ સંત કબીર રોડ પર વન્ય પ્રાણીની કૃતિ સાથેના પ્રવેશ દ્વાર બાબતના આવેલ અંદાજપત્રની રૂબરૂ મુલાકાત કરી લગત અધિકારી પાસેથી માહિતી મેળવી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીની આ સાઈટ વિઝિટ દરમ્યાન પી.એ.(ટેક) ટુ કમિશનર શ્રી રસિક રૈયાણી, સિટી એન્જી. સ્પેશિયલ શ્રી એચ.યુ. દોઢીયા, ડાયરેક્ટર પાર્ક એન્ડ ગાર્ડન શ્રી ડો કે.ડી. હાપલીયા, સિટી એન્જી. સ્પેશિયલ શ્રી અલ્પના મિત્રા તથા લગત વોર્ડના ટેકનીકલ અધિકારીશ્રી ઓ સહિતના અન્ય સંબંધિત અધિકારીશ્રીઓ પણ સાથે રહયા હતાં.



# આમ્રપાલી અન્ડરબ્રીજની કામગીરીનું નિરીક્ષણ અને એરપોર્ટ ફાટક પહોળું કરવા અંગે મહત્વપૂર્ણ નિર્ણયઃ






## માન. મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી સાથે મ્યુનિ. કમિશનરશ્રીની ચર્ચા : રેલ્વેને તાત્કાલિક દરખાસ્ત મોકલવા પણ મહત્વનો નિર્ણય.



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આમ્રપાલી રેલ્વે ક્રોસિંગ ખાતે અન્ડર બ્રીજ બનાવવાનું કામ પુરજોશમાં ચાલી રહેલ છે. કાર્યમાં ઝડપ આવે અને લોકોને અડચણ ન થાય એવા પ્રકારે કામગીરી આગળ ધપાવવા અધિકારીઓને મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે સૂચના આપી છે. તા.૨૦–૧૧–૨૦૧૯ના રોજ આમ્રપાલી ફાટક અને એરપોર્ટ ફાટકની કોર્પોરેશનના પદાધિકારીશ્રીઓ માન. મેયર શ્રી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી અને મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ ઉપરાંત અન્ય પદાધિકારીઓ અને અધિકારીઓએ રૂબરૂ મુલાકાત લીધી હતી. જેમાં કાર્યકારી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમીટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, રેલ્વેના અધિકારીઓ, ડિવિઝનલ મેનેજર, નાયબ કમિશનરશ્રી ચેતન નંદાણી, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી તેમજ સિટી એન્જી. શ્રી કે.એસ. ગોહેલ ઉપસ્થિત રહ્યા હતા, મુલાકાત દરમ્યાન આમ્રપાલી ફાટક અન્ડરબ્રીજે યુટીલીટી સર્વિસ ડક્ટ શિફ્ટટિંગ તાત્કાલિક પુરું કરવા જણાવાયું હતું અને ત્યારબાદ સૌએ એરપોર્ટ ફાટકની મુલાકાત લીધી હતી અને રૈયા રોડના ડાયવર્ટ થયેલા ટ્રાફિકની સરળતા માટે એરપોર્ટ ફાટક પહોળું કરવા નિર્ણય કરાયો હતો. આજે મ્યુનિસિપલ કમિશનર શ્રી ડીવીઝનલ રેલ્વે મેનેજરને પત્ર લખશે. ત્યારબાદ આ પ્રોજેકટ બાબતે સ્ટેન્ડિંગમાં દરખાસ્ત પણ કરશે, એમ મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું. વધુ વિગતે મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, આમ્રપાલી ફાટકનું કામ ચાલુ છે ત્યારે યુટીલીટી ડકટ સર્વિસને તાત્કાલિક પુરું કરવા માટે જણાવવામાં આવ્યું હતું તેમજ મુલાકાત દરમ્યાન રૈયા રોડ પરના વેપારીઓ ત્યાં સ્થળ પર ભેગા થઈને મુશ્કેલીઓની રજૂઆત કરી હતી. રજુઆતને ધ્યાને લઈને વેપારીઓને આશ્વાસન રૂપે સમયસર કાર્ય પુરું કરાવવા અને વેપારીઓને મુશ્કેલી ન પડે પણ ધ્યાને લેવામાં આવશે. ત્યારબાદ એરપોર્ટ ફાટકની મુલાકત કરી હતી, કેમકે આમ્રપાલી ફાટકનું કામ ચાલુ હોવાથી રૈયા રોડ પરનો ટ્રાફિક એરપોર્ટ રોડ પર ડાયવર્ઝન કરવામાં આવેલ છે અને તેના લીધે એરપોર્ટ ફાટક પર ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડે છે ત્યારે આજ રોજ કોર્પોરેશન ડીવીઝનલ રેલ્વે મેનેજરને એરપોર્ટ ફાટક પહોળું કરવા અંગે પત્ર લખશે અને આ બાબતે સ્ટેન્ડીંગમાં દરખસ્ત પણ મોકલવામાં આવશે. એરપોર્ટ ફાટક પહોળો થયે અને લોકોને ટ્રાફિકની સમસ્યાઓનો સામનો ઓછો કરવો પડશે.




## રેસ્ટોરન્ટ/હોટલના કિચનના દરવાજા પર 'નો એન્ટ્રી' ડિસ્પ્લે બોર્ડ દુર કરવા અંગે ફુડ શાખા દ્વારા કાર્યવાહી

ગુજરાત રાજયના ફુડ સેફટી વિભાગ વડી કચેરી, ગાંધીનગર દ્વારા બહાર પડાયેલ યાદીથી, રાજયના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ હોટલ / રેસ્ટોરન્ટોના કિચનની બહાર 'નો એડમીશન વીધાઉટ પરમીશન' અથવા 'એડમીશન ઓનલી વીથ પરમીશન' જેવા બોર્ડ લગાવેલ હોય, તે તાત્કાલીક હટાવી લેવા તેમજ કિચન સ્વચ્છ રહે તેમ રાખવું અને ગ્રાહકો કિચનની અંદરનો ભાગ જોઈ શકે તે રીતે કાચની બારી અથવા દરવાજો મુકવા અંગે સુચના આપતી યાદી બહાર પાડેલ. ઉપરોકત સુચનાની અમલવારી કરાવવા રાજકોટ મહાનગરપાલિકાના ફુડ વિભાગ દ્વારા અલગ–અલગ ટીમ બનાવી રાજકોટ શહેરમાં આવેલ કુલ ૪૦ સ્થળોએ ઉક્ત બાબતે ચકાસણી હાથ ધરેલ. જેમાં કિચનની બહાર આ પ્રકારના બોર્ડ લગાવેલ છે કે કેમ? કિચની સ્વચ્છતા જોઈ શકાય તેવી વ્યવસ્થા છે કે કેમ ? તેમજ કિચનની હાઈજીનિક કંડિશનની જાળવણી બાબતે ચકાસણી હાથ ધરી ચકાસણી સમયે જોવા મળેલ 'નો એન્ટ્રી' જેવા બોર્ડ સ્થળ પર રૂબરૂમાં દુર કરાવેલ અને જોવા મળેલ ક્ષતીઓ દુર કરવા જવાબદારોએ લેખિત જાણ કરેલ. તદ્દુપરાંત ચકાસણી સમયે જોવા મળેલ 'નો એન્ટ્રી' જેવા બોર્ડ સ્થળ પર રૂબરૂમાં દુર કરાવેલ.

### ફુડ વિભાગની ટીમ દ્વારા કુલ ૪૧ સ્થળોએ ચકાસણી કરી રેસ્ટોરન્ટ/હોટલ કિચનના દરવાજા પર 'નો એન્ટ્રી' અંગેના ડિસ્પ્લે બોર્ડ દુર કરાવી નોટીસ આપી

| ક્રમ | હોટલ/રેસ્ટોરન્ટનું નામ સરનામુ | કિચનની બહાર બોર્ડ લગાવેલ છે હા/ના | કિચનની સ્વચ્છતા જોઇ શકાય તેવી વ્યવસ્થા છે કે કેમ હા/ના |
|---|---|---|---|
| ૧ | પેટ્રીયા સ્યુટસ, એરપોર્ટ રોડ | ના | હા |
| ૨ | નીલ દા ધાબા, એરપોર્ટ રોડ | ના | હા |
| ૩ | સેલીબ્રેશન, આકાશવાણી ચોક | | કાચ બદલવા સુચના |
| ૪ | ૨૨ પેરેલ, આકાશવાણી ચોક | દુર કરાવેલ | હા |
| ૫ | રસીયા રેસ્ટોરન્ટ, જયોતિનગર મેઈન રોડ | ના | કાચ બદલવા સુચના |
| ૬ | પટેલ ડાઈનિંગ હોલ, જયોતિનગર મેઈન રોડ | દુર કરાવેલ | કાચ બદલવા સુચના |
| ૭ | આજી ધ વ્યુ રેસ્ટોરન્ટ, આજી ડેમ પાસે | ના | હા |
| ૮ | મુરલીધર રેસ્ટોરન્ટ, આજી ડેમ રોડ | ના | હા |
| ૯ | સોના બાઈટ રેસ્ટોરન્ટ, રૈયા રોડ | ઓપન કિચન | હા |
| ૧૦ | અંજલી રેસ્ટોરન્ટ, નિર્મલા રોડ | ના | હા |
| ૧૧ | મસાલા કાડરીઝ, નિર્મલા રોડ | દુર કરાવેલ | હા |
| ૧૨ | પેપેરાઈઝી ધ ડાયનર, નાના મૌવા રોડ | ના | હા |
| ૧૩ | જસ્સી દે પરાઠે, નિર્મલા રોડ | ના | હા |
| ૧૪ | હોટલ કે કે બીકન, કોટેચા ચોક | ના | હા |
| ૧૫ | ટોમેટો રેસ્ટોરન્ટ, ડૉ. યાજ્ઞિક રોડ | દુર કરાવેલ | હા |
| ૧૬ | હોટલ ઇમ્પીરીયલ પેલેસ, ડૉ. યાજ્ઞિક રોડ | ના | હા |
| ૧૭ | બીઝ ધ હોટલ, ડૉ. યાજ્ઞિક રોડ | ના | હા |
| ૧૮ | સોનાલી પાંઉબાજી, રેસકોર્ષ રિંગ રોડ | ના | હા |
| ૧૯ | શિવ આઇસ્ક્રીમ એન્ડ ફાસ્ટફુડ, રેસકોર્ષ રિંગ રોડ | ના | હા |
| ૨૦ | બીગ બાઇટ ફુડ કોર્ટ, રેસકોર્ષ રિંગ રોડ | ઓપન કિચન | હા |
| ૨૧ | લોર્ડ્ઝ બેંકવેટ, કસ્તુરબા રોડ | દુર કરવા સુચના | હા |
| ૨૨ | ધ ટેમ્પ્ટેશન, કસ્તુરબા રોડ | ના | હા |
| ૨૩ | સરગમ ફુડ્ઝ, કસ્તુરબા રોડ | ઓપન કિચન | હા |
| ૨૪ | ધ ગ્રાન્ડ ઠાક, જવાહર રોડ | દુર કરવા સુચના | હા |
| ૨૫ | હોટલ પ્લેટીનમ, જવાહર રોડ | ના | હા |
| ૨૬ | ફર્ન રેસીડેન્સી, પારેવડી ચોક | ના | હા |
| ૨૭ | શ્રી સુર્યકાન્ત રેસ્ટોરન્ટ, બીગ બઝાર પાછળ | ના | હા |
| ૨૮ | કોફી હેલ્પર, કાલાવડ રોડ | ઓપન કિચન | હા |
| ૨૯ | પીઝા હટ, કાલાવડ રોડ | ઓપન કિચન | કાચ મુકવા સુચના |
| ૩૦ | અપ ટાઉન કાફે, કાલાવડ રોડ | ના | હા |
| ૩૧ | મેકડોનાલ્ડ્સ, કાલાવડ રોડ | ઓપન કિચન | હા |
| ૩૨ | વુડી ઝોન્સ પીઝા, કાલાવડ રોડ | ના | હા |
| ૩૩ | વેરોના ઇટાલીકા, કાલાવડ રોડ | ના | હા |
| ૩૪ | આર.પી.જે. હોટલ, કાલાવડ રોડ | ના | હા |
| ૩૫ | ઓનેસ્ટ રેસ્ટોરન્ટ, કાલાવડ રોડ | ના | હા |
| ૩૬ | નેપસ પીઝા, કાલાવડ રોડ | ના | હા |
| ૩૭ | પ્રેમવતી રેસ્ટોરન્ટ, કાલાવડ રોડ | ના | હા |
| ૩૮ | સંકલ્પ રેસ્ટોરન્ટ, કાલાવડ રોડ | ના | હા |
| ૩૯ | રીયલ પેપરીકા, કાલાવડ રોડ | દુર કરાવેલ | હા |
| ૪૦ | રેડ પેપર રેસ્ટોરન્ટ, કાલાવડ રોડ | ના | હા |
| ૪૧ | ડોમિનોઝ પીઝા, કાલાવડ રોડ | ના | હા |

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૬, ૭, ૧૦માં સેવા સેતુ કાર્યક્રમનું આયોજન થયું

રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટીતંત્રને પ્રજાલક્ષી બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિગત રજુઆતોનો તેમજ રાજ્ય સરકારની તથા રાજકોટ મહાનગરપાલિકાની યોજનાઓ સંબધિત પર્શ્નો સ્થળ ઉપર જ નિકાલ થાય તે માટે રાજકોટ મહાનગરથાલિકા દ્વારા તા.૮–૧૧–૨૦૧૯ના રોજ વોર્ડ નં. ૧૦માં કવિ શ્રી અમૃત ઘાયલ કોમ્યુનિટી હોલ, યુનિવર્સીટી રોડ ખાતે, વોર્ડ નં.૦૬માં શાળા નં.૭૮, દૂધસાગર રોડ ખાતે તેમજ વોર્ડ નં.૦૭માં કિશોરસિંહજી સ્કુલ, શાળા નં.૦૧, કોઠારીયા નાકા ખાતે સવારે ૦૯:૦૦ કલાકે પાંચમાં તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

વોર્ડ નં.૧૦માં કવિ શ્રી અમૃત ઘાયલ કોમ્યુનિટી હોલ, યુનિવર્સીટી રોડ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે મહિલા મોરચાના પ્રભારી શ્રી અંજલીબેન રૂપાણી, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા, શહેર મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી જ્યોત્સનાબેન ટીલાળા, શ્રી અશ્વિન––ભાઈ ભોરણીયા, શ્રી મધુભાઈ પાટોડિયા, શ્રી જયંતભાઈ પંડયા, શ્રી કાશ્મીરાબેન નથવાણી, પૂર્વ કોર્પોરેટર શ્રી પરેશભાઈ હુંબલ, વોર્ડ પ્રભારી શ્રી માધવભાઈ દવે, મહામંત્રી શ્રી હરેશભાઈ કાનાણી, શ્રી પરેશભાઈ તન્ના વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વોર્ડ નં.૦૬માં શાળા નં.૭૮, આર.એમ.સી. પમ્પીંગ સેશનની સામે, દૂધસાગર રોડ, ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અરવીંદભાઈ રૈયાણી, કાર્યકારી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, કોર્પોરેટર શ્રી મુકેશભાઈ રાદડિયા, શ્રી દેવુબેન જાદવ, શ્રી સજુબેન કાળોતરા, મહિલા મોરચા પ્રમુખશ્રી નયનાબેન પેઢડીયા, શ્રી કિશોરભાઈ રાઠોડ, અગ્રણીશ્રી રતનશીભાઈ માલી, શ્રી વનરાજભાઈ ગરૈયા, શ્રી કરશનભાઈ ગઢીયા, પ્રમુખશ્રી ધનશ્યામભાઈ કુંગસીયા, મહામંત્રીશ્રી જગાભાઈ રબારી, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વોર્ડ નં.૦૭માં કિશોરસિંહજી સ્કુલ, શાળા નં.૦૧, કોઠારીયા નાકા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, દંડકશ્રી અજયભાઇ પરમાર, શ્રી મીનાબેન પારેખ, અગ્રણી શ્રી ચમનભાઈ લોઢીયા, શ્રી અરૂણભાઈ સોલંકી, શ્રી વિનુભાઈ જીવરાજાની, ડૉ. ભીંડી, વોર્ડ પ્રભારી શ્રી સુરેન્દ્રસિંહ વાળા, પ્રમુખશ્રી જીતુભાઈ સેલારા, મહામંત્રીશ્રી રમેશભાઈ પંડ્યા, શ્રી કિરીટભાઈ ગોહેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. પાંચમાં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમમાં વોર્ડ નં.૧૦મા કુલ ૮૫૩ અરજીઓ, વોર્ડ નં.૦૬માં કુલ ૭૩૮ અરજીઓ તથા વોર્ડ નં.૦૭માં કુલ ૮૦૪ અરજીઓ આવેલ, આ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ. જેમાં મુખ્યત્વે આધાર કાર્ડ, વાત્સલ્ય કાર્ડ, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, આવકના દાખલા તેમજ જ્ઞાતિ પ્રમાણપત્ર વિગેરે માટે અરજીઓ આવેલ. તે તમામ અરજીઓનો નિકાલ થયેલ.



વોર્ડ નં. ૧૦માં મહિલા મોરચાના પ્રભારી અંજલીબેન રૂપાણી તથા શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, શ્રી ધનસુખભાઈ ભંડેરી



વોર્ડ નં.૦૬માં ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી તથા કાર્યકારી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા



વોર્ડ નં.૦૭માં ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડની ઉપસ્થિતિ






## નારાયણનગર હેલ્થ સેન્ટર, CMTC ખાતે ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ દ્વારા બાળકોને રમકડા અર્પણ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૪-૧૧-૨૦૧૯, ગુરૂવારના રોજ નારાયણનગર CMTC ચાઈલ્ડ માલન્યુટ્રીશન ટ્રીટમેન્ટ સેન્ટર, ઢેબર રોડ, ઢેબર કોલોની પાસે, રાજકોટ ખાતે શહેરના માન. ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ દ્વારા બાળકોને રમવા માટે રમકડા અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયેલ હતો.

જેમાં રાજકોટ શહેરના માન. ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, પ્રમુખ અનિશભાઈ જોષી, પ્રમુખ નિલેશ-ભાઈ જલ, મહામંત્રી નરેન્દ્રભાઈ કુબાવત, મંત્રી અરવિંદભાઈ તલસા-ણીયા, યુવા મહામંત્રી કેયુરભાઈ મશરૂ, કોર્પોરેટર અનીતાબેન ગોસ્વામી, રાજકોટ શહેર પોલીસ સલાહકાર સદસ્ય હરિભાઈ રાતડીયા, જયેશભાઈ પંડયા, જગદીશભાઈ રાણપરા,ડૉ. કેતનભાઈ કાચા, ભનુભાઈ પટેલ, રાજુભાઈ ટાંક, રાજુભાઈ બુધ્ધદેવ, નરેન્દ્રભાઈ મકવાણા, ગંભીરસિંહ પરમાર, વાળા બાપુ, જયવીરસિંહ પરમાર, શ્રી ગીરીશભાઈ પોપટ, કેશુભાઈ, હાજર રહ્યા હતા.

માન. ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલની ગ્રાન્ટમાંથી નારાયણનગર CMTC સેન્ટરને નીચે મુજબના રમકડાની ખરીદી કરી અનુદાન આપવામાં આવેલ છે.

**(૧) લસરપટ્ટી**
**(૨) મેજીકલર**
**(૩) જમ્પીંગ**
**(૪) હમ્થી ડમ્થી**
**(૫) હિચકા**
**(૬) બેબી ચેર**

**કુલ ૨૩ આઈટમો તથા જુદી જુદી જાતના રમકડા આપવામાં આવેલ છે.**

ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી નારાયણનગર CMTC સેન્ટર ખાતે બાળકો માટે કુલ 30 નંગના ૪૦,૦૦૦ (ચાલીસ હજાર) નું અનુદાન આપવામાં આવેલ તેનો લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.



# વોર્ડ નં.૦૧, ૧૩, અને ૧૫માં પાંચમાં તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

રાજય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહિવટીતંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી સરકારની જુદી જુદી યોજનાઓ સંબંધે લાભાર્થીઓનુ ઘર આંગણે સુવિધા મળી રહે તેવા શુભ હેતુથી રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પાંચમા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજવાનો નિર્ણય કરેલ છે. જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ મહાનગરપાલિકાને લગત જુદી જુદી સેવાઓ અંગેના નગરજનો ના પ્રશ્નો તેમજ સરકારશ્રીની યોજનાઓ વિગેરેના નિકાલ માટે જુદી જુદી તારીખોએ શહેરના વોર્ડ વાઈઝ પાંચમાં તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ તમામ વોર્ડમાં યોજવાનુ આયોજન કરેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાંચમા તબક્કાના સેવા સેતુમાં તા.૨૨-૧૧-૨૦૧૯, શુક્રવારના રોજ વેસ્ટ ઝોન વોર્ડ નં.૦૧માં સ્ટર્લિંગ હોસ્પિટલ પાસેનું ગ્રાઉન્ડ, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે યોજાયો. જેમાં શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી ચારૂબેન ચૌધરી, આરોગ્ય કમિટી ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, વોર્ડ નં.૧ કોર્પોરેટર શ્રી બાબુભાઈ આહીર, શ્રી અંજનાબેન મોરજરીયા, શ્રી દુર્ગાબા જાડેજા, વોર્ડ પ્રમુખશ્રી હિતેશભાઈ મારૂ, વોર્ડ મહામંત્રીશ્રી કાનાભાઈ ખાણધર, શ્રી જયરાજસિંહ જાડેજા, શિક્ષણ સમિતિ સભ્ય શ્રી ભારતીબેન રાવલ, અગ્રણી શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી વિપુલભાઈ શુક્લ, શ્રી લલિતભાઈ વાડોલીયા, શ્રી અશોકસિંહ જાડેજા, તેમજ સ્થાનિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

ઈસ્ટ ઝોન વોર્ડ નં.૧૫, એસ.ટી. ગ્રાઉન્ડ, અમુલ સર્કલ પાસે, ભાવનગર રોડ ખાતે યોજાયો. જેમાં, ધારાસભ્યશ્રી અરવીંદભાઈ રૈયાણી, કાર્યકારી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, વિરોધ પક્ષ નેતા શ્રી વશરામભાઈ સાગઠીયા, શ્રી મકબુલભાઈ દાઉદાણી, શહેર ભાજપ ઉપપ્રમુખશ્રી રાબીયાબેન સરવૈયા, અનુસુચિત જાતિ મોરચા મહામંત્રી શ્રી નાનજીભાઈ પારધી, શ્રી રામભાઈ હેરભા, વોર્ડ પ્રમુખશ્રી સોમભાઈ ભાલીયા, વોર્ડ મહામંત્રીશ્રી મહેશભાઈ બથવાર, શ્રી રત્નાભાઈ મોરી, શ્રી ભીખુભાઈ ડાભી, શ્રી દેવજીભાઈ ખીમસુરીયા, શ્રી હસુભાઈ છાંટબાર, વિનોદભાઈ કુમારખાણીયા તેમજ સ્થાનિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૧૩, શાળા નં.૬૯, અંબાજી કડવા પ્લોટ ખાતે યોજાયો. જેમાં ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, સ્ટે. કમિટી ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડ, કોર્પેરેટર શ્રી નીતિનભાઈ રામાણી, શ્રી જયાબેન ડાંગર, શ્રી જાગૃત્તિબેન ડાંગર, શ્રી રવજીભાઈ ખીમસુરીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી જીતુભાઈ કોઠારી, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ કાથરોટીયા, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી દિવ્યરાજસિંહ ગોહિલ, વોર્ડ પ્રભારીશ્રી રાજુભાઈ બોરીચા, વોર્ડ પ્રમુખશ્રી વિજયભાઈ ટોળીયા, વોર્ડ મહામંત્રીશ્રી કેતનભાઈ વાછાણી, શ્રી ધીરૂભાઈ તળાવીયા, અગ્રણીશ્રી જયેશભાઈ સોરઠીયા, શ્રી ભરતભાઈ ગાજીપરા તેમજ સ્થાનિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

લોકોને જુદી જુદી યોજનાઓ માટે જુદા જુદા વિભાગોમાં ધક્કા ખાવા ન પડે તે હેતુથી સેવા સેતુમાં પોતાના જ વિસ્તારમાં ઉકેલી શકાય તેવા પ્રશ્નોનો સ્થળ ઉપર જ તે દિવશે જ નિકાલ થશે એટલે કે, લોકોના ઘર આંગણે જ તંત્ર ઉપસ્થિત રહી પ્રશ્નોનો નિકાલ કરેલ.

સેવા સેતુ કાર્યક્રમમાં હોમ્યોપેથીક ડૉ. મેઘાણીસાહેબની ટીમ દ્વારા નિઃશુલ્ક ડેન્ગ્યુની અટકાયતી દવા આપવામાં આવેલ.

પાંચમાં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમમાં વોર્ડ નં.૦૧માં કુલ ૯૦૩ અરજીઓ, વોર્ડ નં.૧૩માં કુલ ૧૨૧૩ અરજીઓ તથા વોર્ડ નં.૧૫માં કુલ ૬૪૬ અરજીઓ આવેલ, આ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ. જેમાં મુખ્યત્વે આધાર કાર્ડ, વાત્સલ્ય કાર્ડ, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, આવકના દાખલા તેમજ જ્ઞાતિ પ્રમાણપત્ર વિગેરે માટે અરજીઓ આવેલ. તે તમામ અરજીઓનો નિકાલ થયેલ.







# તમામ હોકર્સ ઝોનના ફ્રન્ટ એલીવેશન એકસમાન અને સુંદર બનાવી આગવી ઓળખ ઉભી કરવા નિર્ણય



## હોકર્સ ઝોનમાં વધુ સુવિધા ઉભી કરવા અંગે મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલની સાઈટ વિઝીટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વિવિધ વિસ્તારોમાં કુલ ૯૫ જેટલા હોકર્સ ઝોન બનાવવામાં આવેલ છે અને તમામ હોકર્સ ઝોનના ફ્રન્ટ એલીવેશન એકસમાન અને સુંદર બનાવી હોકર્સ ઝોનની આગવી ઓળખ ઉભી કરવા, તેમજ તેમાં વધુ સુવિધા ઉપલબ્ધ બનાવવા અંગે સાઇટ વિઝીટ કરવામાં આવી હોવાનું મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

મ્યુનિ. કમિશનરશ્રીએ શહેરના વિવિધ હોકર્સ ઝોનની રૂબરૂ મુલાકાત લઇ વર્તમાન સ્થિતિની સ્થળ પર જ સમીક્ષા કરી હતી અને ભાવી પ્લાનિંગ અંગે સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી સૂચના આપી હતી.

કમિશનરશ્રીએ વધુમાં એમ કહ્યું હતું કે, શહેરના તમામ હોકર્સ ઝોનના ફ્રન્ટ એલીવેશન એક સમાન અને સુંદર બને તેમજ હોકર્સ ઝોનની એક આગવી ઓળખ ઉભી થાય તે દિશામાં વહીવટી તંત્ર પ્રયાસ હાથ ધરશે. રાજકોટ મહાનગરપાલિકા હવે તમામ હોકર્સ ઝોન પૈકી જે હોકર્સ ઝોનમાં આવશ્યકતા હશે ત્યાં પેવિંગ બ્લોક, ટોઇલેટ બ્લોકની સુવિધા આપવા વિચારે છે. માત્ર એટલું જ નહી પરંતુ હોકર્સ દ્વારા એક શોપકીપર્સ વેલ્ફેર એસોસિએશન પણ રચાય અને તેના મારફત જ ટોઇલેટ મેઇન્ટેનન્સ અને વાહન પાર્કિંગ મેનજમેન્ટ થાય તે દિશામાં વિચારણા કરવામાં આવી રહી છે.

મ્યુનિ. કમિશનરશ્રી એ અમીન માર્ગના છેડે ફૂડ ઝોન બનાવવા અંગેના કામ સબબ ત્યાં સ્થળની રૂબરૂ મુલાકાત લીધી હતી અને અધિકારી–શ્રીઓને આવશ્યક સૂચના આપી હતી.

**અન્ય કામો બાબતે સ્થળ મુલાકાત**

મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ એ મહાનગરપાલિકાના અન્ય કામો અંગે પણ વિવિધ સ્થળોની રૂબરૂ મુલાકાત લીધી હતી. જેમાં વોર્ડ નં.૧૩ માં આવેલ નવરંગપરા વિસ્તારમાં ડ્રેનેજ લાઇન નાખવાનું તથા મેનહોલ બનાવવાનું કામ, વોર્ડ નં.૭ માં આવેલ કિસાનપરા–૦૪ થી મહાકાળી મેઇન રોડ પર જાગનાથ પ્લોટ–૨૧ સુધી ૪૫૦ એમ.એમ. ડાયા વરસાદી પાઇપલાઇન નાંખવાનું કામ, વોર્ડ નં.૮ માં સત્ય સાંઇ માર્ગ પર રોડની સાઇડમાં (કાલાવડ રોડ થી નાનામવા રોડ) પેવીંગ બ્લોક નાંખવાનું કામ, વોર્ડ નં.૧૦માં પંચાયતનગર તથા આજુ–બાજુનાં વિસ્તાનરમાં રસ્તાગની સાઇડ સોલ્ડબરમાં જનભાગીદારી યોજના હેઠળ પેવીંગ બ્લોક લગાડવાનું કામ, વોર્ડ નં.૯માં રૈયા વોંકળામાં સવન એપાર્ટમેન્ટ થી રૈયા સ્મશાન સુધી રીટેઇનીંગ વોલ બનાવવાનું કામ, વોર્ડ નં.૯માં સાધુ વાસવાણી રોડ પર આવેલ ગુરૂજી હોકર્સ ઝોનમાં મોર્ડ––નાઇઝ પબ્લીનક ટોયલેટ બનાવવાનું કામ, વોર્ડ નં.૧માં આવેલ રૈયાધાર રોડ પર રામાપીર ચોક થી શાસ્ત્રી નગર સુધી ફુટપાથ રીપેરીંગ કામ. ડકટ લાઇન નાંખવાનું તથા રસ્તારની બંને સાઇડ પેવીંગ બ્લોસક નાંખવાનું કામ, વોર્ડ નં.૧૦માં આવેલ યોગી પાર્ક શેરી નં. ૧૩નાં છેડે થી રૂડાનગરનાં વોંકળા સુધી પાઇપ ગટર કરવાનું કામ, વોર્ડ નં.૧૦માં આવેલ સાંઇબાબા પાર્ક સી.સી. રોડ પર બાકી રહેલા ભાગમાં મેટલીંગ તથા સી.સી. કરવાનું કામ, રાજકોટ શહેરમાં સુવ્યસવસ્થિત વાહન પાર્કિંગ માટે ખુલ્લા અને જાહેર જગ્યા ઓ પર પે એન્ડર પાર્કિંગની જગ્યાઓ ફાળવવા બાબત અને એવન્યુ સુપર માર્ટ (ડી–માર્ટ)ને પે એન્ડ પાર્કનું સંચાલન સોંપવા અંગેનો સમાવેશ થાય છે. મ્યુનિ. કમિશનરશ્રીની આ સાઇટ વિઝિટ દરમ્યાન ડેપ્યુટી કમિશનરશ્રી ઓ ચેતન ગણાત્રા અને શ્રી ચેતન નંદાણી, પી.એ.(ટેક) ટુ કમિશનર શ્રી રસિક રૈયાણી, એડી. સિટી એન્જી. શ્રી એમ. આર. કામલીયા, સિટી એન્જી. શ્રી કે. એસ. ગોહેલ, સિટી એન્જી. (હાઉસિંગ) શ્રી અલ્પના મિત્રા, આસિસ્ટન્ટ કમિશનરશ્રી એચ. કે. કગથરા સહિતના અધિકારીશ્રીઓ તથા અન્ય સંબંધિત અધિકારીશ્રીઓ પણ સાથે રહયા હતાં.

## છત્તબીર ઝૂ (પંજાબ) અને રાજકોટ ઝૂ વચ્ચે વન્ય પ્રાણી વિનીમય




રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, ન્યુ દિલ્હીના માર્ગદર્શન હેઠળ આધુનીક ઢબે વિકાસ કરવામાં આવી રહ્યો છે. દર વર્ષે વન્યપ્રાણી વિનીમય હેઠળ ભારતના અન્ય ઝૂ પાસેથી નવા નવા વન્યપ્રાણી–પક્ષીઓ મેળવી રાજકોટ ઝૂનો વિકાસ કરવામાં આવે છે.

સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, ન્યુ દિલ્હી તથા રાજ્ય સરકાર દ્વારા રાજકોટ પ્રાણી ઉદ્યાન અને એમ.સી. ઝૂલોજીકલ પાર્ક, છત્તબીર વચ્ચે નીચેની વિગતે વન્યપ્રાણી–પક્ષીઓ વિનીમય કરવા મંજૂરી મળતા પ્રાણી–પક્ષીઓ મેળવવામાં આવેલ છે.

**રાજકોટ ઝૂ એ આપેલ પ્રાણીઓ એશિયાઇ સિંહ ૧:૧, સફેદ વાઘ ૦:૧ અને જંગલ કેટ ૧:૦, છતબીર ઝૂ પાસેથી મેળવેલ પ્રાણીઓ હમદ્રયાસ બબુન ૧:૧, હિમાલયન રીંછ ૦:૧, જંગલ કેટ ૧:૧, રોઝ રીંગ પેરાકીટ ૩:૩, એલેઝાન્ડ્રીન પેરાકીટ ૨:૨, રીંગનેક ફિઝન્ટ ૧:૧, જાવા સ્પેરો ૧:૧ તેમજ ઝિબ્રા ફિન્ચ ૦:૧૦.**

હમદ્રયાસ બબુન ૧:૧ (નર–૧, માદા–૧) પૈકી હાલ માદા વાનર ૧ લાવવામાં આવેલ છે. બબૂન નર હાલ છતબીર ઝૂ ખાતે ઉપલબ્ધ ન હોય, ટૂંક સમયમાં તેઓ દ્વારા (છતબીર ઝૂ) બબૂન નર અન્ય ઝૂ પાસેથી મેળવી રાજકોટ ઝૂને સોંપવામાં આવશે.

હાલ આ તમામ પ્રાણી–પક્ષીઓને ત્રણ અઠવાડીયા સુધી ક્વોરેન્ટાઇનમાં અવલોકન હેઠળ રાખવામાં આવેલ છે. ક્વોરેન્ટાઇન સમય પૂર્ણ થતા મુલાકાતીઓ માટે પ્રદર્શીત કરવામાં આવશે.

ઉક્ત પ્રાણી–પક્ષીઓ આવતા હાલ રાજકોટ ઝૂ ખાતે જુદી જુદી ૫૫ પ્રજાતીનાં કુલ–૪૩૦ પ્રાણી–પક્ષીઓ મુલાકાતીઓ માટે પ્રદર્શીત કરવામાં આવી રહ્યા છે.

હાલ ગુજરાતના એક પણ ઝૂમાં વિદેશી વાનર હમદ્રયાસ બબૂન રાખવામાં આવેલ નથી. આથી રાજકોટ ઝૂ બબૂન વાનરોને પ્રદર્શીત કરનાર ગુજરાતનું પ્રથમ ઝૂ બનેલ છે. ચાલુ વર્ષે રાજકોટ શહેર તથા આસપાસના વિસ્તારમાં ખુબ જ સારો વરસાદ પડતા ઝૂની બન્ને બાજુનાં બન્ને તળાવો લાલપરી તથા રાંદરડા સંપૂર્ણ ભરાઇ જતા તથા ઝૂનું કુદરતી સૌંદર્ય વાતાવરણ જોઇ મુલાકાતીઓ ખુબ જ પ્રભાવીત થાય છે.

દિવાળીના તહેવારો અને વેકેશન દરમિયાન રાજકોટ ઝૂ મુલાકાતીઓ માટે ફરવા માટેનું હોટ ફેવરીટ સ્થળ બની ચુક્યુ છે. દિવાળીના તહેવારોથી આજદિન સુધી (તા.૨૭–૧૦–૧૯ થી તા.૧૧–૧૧–૧૯ સુધી) ઝૂ ખાતે ૮૧,૦૦૦ થી વધારે મુલાકાતીઓ રાજકોટ મહાનગરપાલિકાને રૂા.૨૦ લાખથી પણ વધારે આવક થયેલ છે.

## નાનામવા મેઈન રોડ પર રૂા. ૬.૪૦ કરોડના ખર્ચે મ્યુનિ. સ્ટોર અને શાળા માટે સંયુક્ત બિલ્ડીંગનું નિર્માણ કરાયું



### મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે બિલ્ડિંગની રૂબરૂ મુલાકાત લીધી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૮ ના ટી.પી. સ્કીમ નં ૩ ના એફ.પી. નં ૩૦ જે નાનામવા મેઇન રોડ પર આવેલ મ્યુનિસિપલ સ્ટોર હેતુ માટે આરક્ષિત જગ્યાએ કુલ રૂા. ૬.૪૦ કરોડના ખર્ચે મ્યુનિસિપલ સ્ટોર અને શાળા માટે સંયુક્ત બિલ્ડીંગ (કુલ બાંધકામ ૪૪૫૨.૭૪ ચો.મી.) બનાવવામાં આવેલ છે. મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે આ બિલ્ડિંગની પણ રૂબરૂ મુલાકાત લીધી હતી. જેમાં ગ્રાઉન્ડ ફ્લોર, પ્રથમ અને બીજા માળે કુલ ૧૮ ક્લાસરૂમ, ૧ કોમ્પ્યુટર રૂમ, ૧ લાઈબ્રેરી રૂમ, ૨ સ્ટાફ રૂમ તથા ૧ પ્રિન્સીપાલ ચેમ્બરની સુવિધા (કુલ બાંધકામ ૨૨૦૪.૧૦ ચો.મી.) તેમજ ત્રીજા, ચોથા અને પાંચમાં માળે સ્ટોર (કુલ બાંધકામ ૨૨૪૮.૬૪ ચો.મી.) બનાવવામાં આવેલ છે. શાળા અને સ્ટોરના પ્રવેશ માટે અલગ–અલગ વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવેલ છે.

તેમજ સ્ટોરમાં ફાઈલ સ્ટોરેજ માટે સ્ટાન્ડર્ડ કંપનીની આધુનિક કોમ્પેક્ટર સિસ્ટમ વસાવવામાં આવેલ છે. બિલ્ડીંગની બહાર આકર્ષક કલર કામ તેમજ શાળાનો પ્રવેશદ્વાર આકર્ષક ચિત્રોથી સુશોભિત કરવામાં આવેલ છે. મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે એમ કહ્યું હતું કે, આ જગ્યાએ બિલ્ડીંગ ફરતે ખુલ્લી જગ્યા તેમજ ફ્લોર પર પ્લાસ્ટીકમાંથી બનેલી લાદીનો ઉપયોગ કરવામાં આવેલ છે. પાર્કિંગ માટે પણ પર્યાપ્ત જગ્યા ઉપલબ્ધ બનાવવામાં આવેલ છે.

**રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્થાપના દિન નિમિત્તે સ્ટાફ સ્પોર્ટ્સ એન્ડ રીક્રિએશન ક્લબ દ્વારા**

# મનપાની શાખાઓ વચ્ચે રંગોળી સ્પર્ધા તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન



રાજકોટ મહાનગરપાલિકાના ૪૭મા સ્થાપના દિનની વિવિધ કાર્યક્રમોના આયોજન સાથે ઉજવણી કરવામાં આવેલ તે અંતર્ગત રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્ટાફ સ્પોર્ટ્સ એન્ડ રીક્રિએશન ક્લબ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રાજકોટ મહાનગરપાલિક ાની તમામ શાખાઓ વચ્ચે રંગોળી સ્પર્ધાનું તા. ૧૯–૧૧–૨૦૧૯ ના રોજ આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અત્યારે રાજકોટ સિવિલ બ્લડ બેંકમાં લોહીની ખુબ જ અછત હોય, થેલેસીમીયા ગ્રસ્ત બાળકો તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વિના મુલ્યે બ્લડ મળી રહે તે હેતુસર રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, સ્ટાફ સ્પોર્ટ્સ એન્ડ રીક્રિએશન ક્લબ તથા શ્રીમદ રાજચંદ્ર સેવા ગ્રુપના સંયુક્ત ઉપક્રમે સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે બ્લડ ડોનેશન કેમ્પનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ રંગોળી સ્પર્ધાનો માન. કાર્યકારી મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયાએ પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી, બાંધકામ સમિતિ ચેરમેન શ્રી મનીષભાઈ રાડીયા, શિશુ કલ્યાણ ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિના ચેરપર્સન શ્રી રૂપાબેન શીલુ, પૂર્વ ડેપ્યુટી મેયર ડૉ. દર્શિતાબેન શાહ, કોર્પોરેટર શ્રી મીનાબેન પારેખ, સેક્રેટરી શ્રી એચ. પી. રૂપારેલિયા, ચીફ ઓડિટરશ્રી કે. એલ. ઠાકોર, પી.એ.ટુ કમિશનર શ્રી રવિન્દ્રસિંહ ચુડાસમા, પી.એ. (ટેક) ટુ કમિશનર શ્રી રસિક રૈયાણી, આસી. કમિશનરશ્રી એચ. આર. પટેલ, ઉપરાંત રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્ટાફ સ્પોર્ટ્સ એન્ડ રીક્રિએશન ક્લબ પ્રમુખ શ્રી મૌલેશભાઈ વ્યાસ, ઉપપ્રમુખ શ્રી સી. એન. રાણપરા, મંત્રી શ્રી કીર્તિભાઈ જોશી, પૂર્વ પ્રમુખ શ્રી હસુભાઈ ગણાત્રા, મંત્રી શ્રી જાહ્નવીબેન લાખાણી તથા શ્રી મયુરભાઈ, શ્રી રેણુકાબેન કક્કડ, શ્રી જ્યોત્સનાબેન ડોબરીયા, શ્રી દીપ્તિબેન આગરીયા, શ્રી અમીનભાઈ નાગોરી, શ્રી હોમીન લખતરીયા, ઉપરાંત રંગોળી સ્પર્ધાના નિર્ણાયકો શ્રી મયુરભાઈ નાગર અને શ્રી પ્રદીપભાઈ ભટ્ટ ઉપસ્થિત રહયા હતાં. પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રી ઓએ મહાનગરપાલિકાની તમામ કચેરીઓમાં રૂબરૂ મુલાકાત લઇ રંગોળી નિહાળી હતી. આ સ્પર્ધામાં ૨૫ શાખાઓએ ભાગ લીધો હતો. બ્લડ ડોનેશન કેમ્પના આયોજનમાં શ્રીમદ રાજચંદ્ર સેવા ગ્રુપના શ્રી વિનયભાઈ જસાણી, શ્રી પરેશભાઈ વાછાણી, શ્રી વિસ્મય પુજારા તથા શ્રી અશોકભાઈ બુસા તેમજ સિવિલ હોસ્પિટલ બ્લડ બેન્કના પેથોલોજીસ્ટ ડોક્ટરની ટીમ જહેમત ઉઠાવેલ હતી.






## રસ્તાના કામો અને એનિમલ હોસ્ટેલમાં કેટલ શેડ એક્સટેન્શન સહિતના કામો અંગે સ્થળ મુલાકાત કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા)ના માન. ચેરમેનશ્રી ઉદિત અગ્રવાલે રાજકોટ શહેરની બહાર કાલાવડ રોડ થી ગોંડલ રોડ અને ગોંડલ રોડ થી ભાવનગર રોડને જોડતા રિંગ રોડ–૨ ના ચાલુ કામો અને હવે હાથ ધરવાના કામો સંદર્ભે તા.૨–૧૧–૨૦૧૯ના રોજ રિંગ રોડ – ૨ની સાઈટ વિઝિટ કરી હતી અને સ્થળ પર જ કામોની પ્રગતિની સમિક્ષા કરી હતી.

આ સાઈટ વિઝિટ વિશે વાત કરતા ચેરમેનશ્રી ઉદિત અગ્રવાલે એમ જણાવ્યું હતું કે, રિંગ રોડ–૨ ઉપર હાલ ફેઈઝ–૨ અને ફેઈઝ–૩ના કામો ગુણવત્તાસભર થાય અને નાગરિકોને વિશેષ પરિવહન સુવિધા ઉપલબ્ધ થાય તેવા હેતુથી યોજાયેલી આ સાઈટ વિઝિટ દરમ્યાન રિંગ રોડના આ કામો ઝડપભેર પરિપૂર્ણ કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવેલ છે. ચેરમેનશ્રીએ વિશેષ માહિતી આપતા એમ કહ્યું હતું કે, રિંગ રોડ–૨ ના કાલાવડ રોડથી ગોંડલ રોડને જોડતા ૧૧.૨૦ કિમી. લંબાઈના ફેઈઝ –૨ માં રસ્તાના કામો મહદ અંશે પૂર્ણ કરી લેવામાં આવેલ છે. જ્યારે આ ફેઈઝમાં કુલ ત્રણ બ્રિજ આવે છે જે પૈકી એક બ્રિજનું કામ પૂર્ણ થયું છે ને અન્ય બે બ્રિજનું કામ ચાલુ છે.

જ્યારે રિંગ રોડ–૨ ના ગોંડલ રોડથી ભાવનગર રોડને જોડતા ૪.૫ કિમી. લંબાઈના ફેઈઝ–૩ માં રસ્તાના કામો ચાલુ છે. બાકી રહેલા કામ ઝડપભેર આગળ ધપાવવા સૂચના અપાયેલ છે. જ્યારે આ ફેઈઝમાં કુલ પાંચ બ્રિજ બનાવવાના થાય છે અને તેના ટેન્ડર ખોલવાની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. ઉપરોક્ત તમામ કામોમાં શ્રેષ્ઠ ગુણવત્તા જાળવી રાખવા અને ઝડપથી કામ પૂર્ણ કરવા સૂચના આપવામાં આવેલ છે તેમ પણ ચેરમેનશ્રીએ જણાવ્યું હતું.

ચેરમેનશ્રીની આ સાલટ વિઝિટ દરમ્યાન 'રૂડા'ના મુખ્ય કારોબારી અધિકારીશ્રી ચેતન ગણાત્રા, પ્રોજેક્ટ ડાઈરેક્ટર શ્રી બી. એમ. મારૂ, અન્ય સંબંધિત અધિકારીશ્રીઓ તેમજ કોન્ટ્રાક્ટરશ્રીઓ પણ સાથે રહયા હતાં.

રાજકોટ મહાનગરપાલિકાના કામો અંગે પણ સ્થળ મુલાકાત કરતા મ્યુનિ. કમિશનરશ્રી વિશેષમાં આજે મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારના કામો અર્થે પણ કેટલાક સ્થળોની મુલાકાત લીધી હતી. જેમાં વોર્ડ નં.૧૮ માં કોઠારિયા ચોકડી પાસે એનિમલ હોસ્ટેલમાં કેટલ શેડના એક્સટેન્શન માટેના કામ અંગે કમિશનરશ્રીએ ત્યાંની સાઈટ વિઝિટ કરી હતી. આ ઉપરાંત વેલનાથ, જડેશ્વર વિસ્તારમાં કરવાના થતા સ્લેબ કલવર્ટના કામ તેમજ વોર્ડ નં.૪મા રાધા–મીરાં પાર્કના રસ્તા મેટલના કામ બાબતે સાઇટ વિઝિટ કરી હતી. કમિશનરશ્રીની આ સાઈટ વિઝિટ દરમ્યાન ડેપ્યુટી કમિશનરશ્રી ચેતન ગણાત્રા, એડી. સિટી એન્જી. શ્રી એચ. યુ. દોઢિયા તથા અન્ય સંબંધિત અધિકારીશ્રીઓ પણ સાથે રહયા હતાં.

**રાજકોટના રિંગ રોડ - ૨ ની સાઈટ વિઝિટ કરી કામોની પ્રગતિની સ્થળ પર સમીક્ષા કરતા 'રૂડા'ના અધ્યક્ષશ્રી ઉદિત અગ્રવાલ :**

**ફેઈઝ -૨ માં રસ્તાના કામો મહદ અંશે પૂર્ણ અને કુલ ત્રણ બ્રિજ પૈકી એક બ્રિજનું કામ પૂર્ણ :**

**ફેઈઝ-૩માં રસ્તાના કામો પ્રગતિમાં અને બાકી રહેલા કામ ઝડપભેર આગળ ધપાવવા ચેરમેનશ્રીની સૂચના :**

**કુલ પાંચ બ્રિજ બનાવવા ટેન્ડર ખોલવાની પ્રક્રિયા હાથ ધરાઈ**

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ





## રાજકોટ મહાનગરપાલિકાના ૪૭મા સ્થાપના દિન ઉજવણી અંતર્ગત

# સુપ્રસિદ્ધ પ્લેબેક સિંગર જાવેદ અલી પ્રસ્તુત સંગીત સંધ્યા “સૂર તરંગ”

## શાનદાર રંગારંગ આયોજન

રાજકોટ મહાનગરપાલિકાના ૪૭મા સ્થાપના દિન અંતર્ગત બોલીવૂડના વિખ્યાત પ્લેબેક સિંગર જાવેદ અલી પ્રસ્તુત મ્યુઝિકલ નાઈટ ‘સૂર તરંગ’નું રંગીલું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેન ધનસુખભાઈ ભંડેરીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કાર્યકારી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે રાજકોટના ગુજરાત રાજ્યના પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઈ ઝડફિયા, ગુજરાત ભાજપ પ્રદેશ મંત્રીશ્રી હર્ષદગીરી ગૌસ્વામી, ભા.જ.પા. રાજકોટ શહેર પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, રાજકોટ શહેર પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી જીતુભાઈ કોઠારી, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, કોર્પોરેટરશ્રીઓ, અગ્રણીશ્રી ઓ, અધિકારીશ્રીઓ તથા બહોળી સંખ્યા માં નગરજનો ઉપસ્થિત રહેલ.

આ પ્રંસગે ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરીએ જણાવેલ કે, રાજકોટ શહેર દિન–પ્રતિદિન વિકાસ પામી રહ્યું છે. આ તકે પ્રથમ નિયુક્ત મેયર રમેશભાઈ છાંયા થી શરૂ કરીને હાલના શ્રી બિનાબેન આચાર્ય સહિતના મેયરશ્રીઓનો શહેરના વિકાસમાં સહયોગ રહેલ છે. માન. વિજયભાઈ રૂપાણી સતત ૯ વર્ષ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રહેલ. કોર્પોરેશનના વિકાસમાં ચુંટાયેલ પાંખ તથા જુદા જુદા કમિશનરશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓના સંકલનથી શહેરના સર્વાંગી વિકાસની કામગીરી કરવામાં આવેલ છે.

આ પ્રસંગે કાર્યકારી માન. મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયાએ જણાવેલ કે, આજરોજ રાજકોટ મહાનગરપાલિકાના ૪૭મો સ્થાપના દિવસ છે. તા.૧૯–૧૧–૧૯૭૩માં રાજકોટ મહાનગરપાલિકાની રચના થયેલ જેમાં નિયુક્ત મેયર તરીકે રમેશભાઈ છાયા હતા. ત્યારબાદ ભાજપના શ્રી અરવિંદભાઈ મણીઆર પ્રથમ ચૂંટાયેલ મેયર હતા ત્યારથી શરૂ કરીને આજ દિન સુધી તમામ પૂર્વ મેયરશ્રીઓનું ખુબ જ યોગદાન રહેલ છે. તેઓએ કંડારેલ કેડી પર હાલમાં પણ શહેરના વિકાસની ગતિ ખુબ જ આગળ વધી રહેલ છે. આ વિકાસયાત્રાની સાથોસાથ બે વખત રાજકોટ શહેરની હદમાં પણ ઉત્તરોત્તર વધારો કરેલ છે. રાજકોટના વિકાસને ધ્યાનમાં રાખી શહેરનો સ્માર્ટ સિટીમાં સમાવેશ થયેલ છે. તેમજ દેશના ૧૦૦ વિકસતા શહેરોમાં રાજકોટનું ૨૨મું સ્થાન છે. સ્વચ્છતા સર્વેક્ષણ હેઠળ શહેરનો નવમો ક્રમ આવેલ. રાજકોટ શહેરના જ સપૂત, રાજ્યના માન. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી બિરાજમાન છે ત્યારે તેમના માર્ગદર્શન હેઠળ શહેરનો વિકાસ હરણફાળ ગતિએ આગળ વધી રહેલ છે. વિકાસમાં રાજ્ય સરકાર દ્વારા પણ ખુબજ સહયોગ મળી રહ્યો છે. આ ઉપરાંત રાજ્ય સરકારશ્રી દ્વારા શહેરને ઈન્ટરનેશનલ એરપોર્ટ, એઈમ્સ, બસપોર્ટ, નવી જી.આઈ.ડી.સી. વિગેરે જેવા અનેકવિધ પ્રોજેક્ટો મળેલ છે જે આપણા માટે ગૌરવની વાત છે. તેઓએ સ્થાપના દિન નિમિત્તે સૌને શુભેચ્છા પાઠવેલ.

ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઈ ઝડફિયાએ આ પ્રસંગે જણાવેલ કે, સૌરાષ્ટ્રની વિકાસની દિશા રાજકોટ નક્કિ કરે છે. તેમજ રાજકોટમાં શ્રી અરવિંદભાઈ મણીઆર, ચીમનકાકા માર્ગદર્શક રહ્યા છે. તેમજ શહેરને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું પણ પ્રતિનિધિ મળ્યું છે જે રાજકોટને માટે ગૌરવની વાત છે.

આ કાર્યક્રમ અંતર્ગત સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડએ શહેરની વિકાસ યાત્રાની વિગતો આપતા જણાવેલ કે, રાજકોટ શહેરનો દિન–પ્રતિદિન વિકાસ થઈ રહ્યો છે. ૧૯૭૫મા શહેરની ૨ લાખની વસ્તી હતી. આજે અંદાજે ૨૦ લાખની રાજકોટ શહેરની વસ્તી છે. રાજકોટના વિકાસમાં શહેરીજનોનો પણ ઘણો ફાળો છે. અગાઉ રાજકોટ મહાનગરપાલિકામાં શ્રી અરવિંદભાઈ મણીઆર, શ્રી વજુભાઈ વાળા, શ્રી વિજયભાઈ રૂપાણી વિગેરે મેયરશ્રી ઓનો પણ રાજકોટના વિકાસમાં મોટો ફાળો રહેલ છે. રાજકોટનું બજેટ ૧૯૭૫મા ૫.૫૦ કરોડનું હતું જયારે આજે ૨,૧૨૬ કરોડનું છે. મુખ્ય માર્ગો ૧૯૭૩મા ૬૯ કી.મી.ના હતા અત્યારે ૧૨૯ કી.મી.ના છે. કોમ્યુનિટી હોલ ૧૯૯૧મા ૨ હતા અત્યારે ૧૪ છે. ઓડીટોરીયમ ૧૯૮૧મા ૧ હતું. અત્યારે ૩ ઓડીટોરીયમ છે. હાલ ૪૬ વોર્ડ ઓફીસ કાર્યરત છે. અત્યારે ઈન્ડોર સ્ટેડીયમ, હોકી ગ્રાઉન્ડ, ફૂટબોલ, ગ્રાઉન્ડ, બાસ્કેટ બોલ ગ્રાઉન્ડ, ટેનિસ કોર્ટ, એથલેટિક ટ્રેક, આંતરરાષ્ટ્રીય કક્ષાનું ક્રિકેટ ગ્રાઉન્ડ, ૪ સ્વીમિંગ પૂલ, ૧ મહિલા સ્વીમિંગ પૂલ વિગેરે બનાવવામાં આવેલ છે. રાજકોટ શહેરની પાણીની સમસ્યા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના પ્રયાસથી ભૂતકાળ બની ગયેલ છે, તે માટે આપણે સૌ તેમના આભારી છીએ. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આપણા શહેરના છે, જેથી રાજકોટનો સુવર્ણકાળ ચાલી રહ્યો છે. શ્રી વિજયભાઈ રૂપાણીના પ્રયત્નોથી શહેરને નવું બસ પોર્ટ, અટલ સરોવર, સિવિલ કોર્ટ બિલ્ડીંગ, એઈમ્સ, વિગેરે યોજનાઓ રાજકોટ શહેરને મળેલ છે. સત્તા એ સેવાનુ માધ્યમ છે અને રાજકોટની જનતાએ શહેરના વિકાસમાં રાજકોટ મહાનગરપાલિકા તંત્રને સદા સાથ અને સહકાર આપેલ છે. તેમજ કોર્પોરેશન સ્થાપના દિન નિમિત્તે તમામ શહેરીજનોને તેઓશ્રી શુભેચ્છા પાઠવેલ. સુવિખ્યાત ગાયક કલાકાર જાવેદ અલીનું સ્વાગત કાર્યકારી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા કરવામાં આવેલ તેમજ આભાર વિધિ શાસક પક્ષ નેતા શ્રી દલસુખભાઈ જાગાણી દ્વારા કરવામાં આવેલ. સમાજ કલ્યાણના સદસ્યશ્રી હીરલબેન મહેતા દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું પુસ્તક વડે સ્વાગત કરવામાં આવેલ.

પ્લેબેક સિંગર જાવેદ અલી દ્વારા મ્યુઝિકલ નાઈટ ‘સૂર તરંગ’ માં જાવેદ અલીએ અનેક લોકપ્રિય ફિલ્મી જુના તથા નવા/સુફી ગીતો રજુ કરેલ.





